# अम्बेडकरदर्शनम्' મહાકાવ્યમાં રાષ્ટ્રવાદ

યોગેશભાઈ ઉમેદભાઈ પટેલ
કનવાડા, તા-માંગરોળ, જિ.સુરત

## ૧. પ્રસ્તાવના

સ્વતંત્રતા પ્રાપ્તિ પછી સંસ્કૃત સાહિત્યમાં વીરપુરુષોનું અને વીરાંગનાઓના ચરિત્રનું સર્જન વધુ દ્રુતગતિએ થઈ રહ્યું જોવા મળે છે. તેમાં મહાત્મા ગાંધી, સરદાર વલ્લભભાઈ, જવાહરલાલ નેહરૂ, અટલ બિહારી, ઈન્દિરા ગાંધી અને ભીમરાવ આંબેડકરના ચરિત્રને કેન્દ્રમાં રાખીને સંસ્કૃત સાહિત્યમાં અનેક કાવ્યોની રચના થઈ છે. અત્યાધુનિક સંસ્કૃત સાહિત્ય એટલે કે ૨૧મી સદીના સંસ્કૃત મહાકાવ્યોમાં १) हरिनारायणदीक्षितविरचितम् – श्रीग्ववल्लदेवचरितम् २) हरिनारायणदीक्षितविरचितम् – श्रीगुरुमहाराजचरितम् ३) गोस्वामिबलभद्रप्रसादशास्त्रिविरचितम्–सतीशंकरम् ४) हरिदतशर्माविरचितम् – वैदेशिकातटनम् ५) पण्डितश्रीरामदवेविरचितम् – साकेत – सड्गरम् ६) बलदेवसिंहविरचितम् – अम्बेडकरदर्शनम् જેમાં પ્રસ્તુત મહાકાવ્યમાં अम्बेडकरदर्शनम्ના કવિ બલદેવસિંહ મેહરાનો જન્મ, અભ્યાસ, તેમની સાહિત્યસાધના, તેમનું શોધકાર્ય, પુરસ્કારો અને સંમેલનોમાં ઉપસ્થિતિ વગેરેનું વર્ણન કરવામાં આવ્યું છે.

સ્વતંત્ર ભારતના બંધારણના ઘડવૈયા તરીકે ડૉ. ભીમરાવ આમ્બેડકર વિશિષ્ટ સ્થાન ધરાવે છે. તેઓ ભારતીય ન્યાયશાસ્ત્રના પ્રખર કાયદાશાસ્ત્રી, સમાજસેવક, રાજનેતા અને શિક્ષણશાસ્ત્રી, દલિત પ્રજાઓના મસીહા તરીકે સર્વોચ્ચ સ્થાન ધરાવે છે. આવા વિરલ વ્યક્તિને આધુનિક સંસ્કૃત કવિઓએ પોતાની સાહિત્ય કૃતિઓમાં સ્થાન આપીને અનેક મહાકાવ્ય, નાટક, શતકકાવ્ય, ચંપૂકાવ્ય અને લઘુકાવ્યની રચના કરી છે. પ્રસ્તુત લેખમાં अम्बेडकरदर्शनम् મહાકાવ્યનું સમીક્ષાત્મક અધ્યયન કરવાનો મારો નમ્ર પ્રયાસ છે.

## ૨. अम्बेडकरदर्शनम् મહાકાવ્યમાં રાષ્ટ્રવાદ

પ્રસ્તુત મહાકાવ્યના રચયિતા બલદેવસિંહ મેહરા છે. ડૉ. ભીમરાવ આંબેડકરના જીવનને પ્રસ્તુત કરતું આ મહાકાવ્ય ૧૭ સર્ગો અને ૧૦૧૫ પદ્યોમાં વિભાજિત છે. કવિએ મહાકાવ્યોનો પ્રારંભ વસ્તુનિર્દેશથી કર્યો છે આ મહાકાવ્યમાં ભીમરાવ આમ્બેડકરનો જન્મ અને બાળપણ, માતા ભીમાબાઈનું ચરિત્ર, પિતા સૂબેદાર રામજીનું ચરિત્ર, ભીમરાવ આમ્બેડકરના કાર્યો, તેમની દેશસેવા, શિક્ષણપ્રણાલી, શોષિત નારીઓ પ્રત્યે તેમની સંવેદનશીલતા, દલિત પ્રજાઓ પ્રત્યે તેમની સહાનુભૂતિ, સર્વધર્મસમભાવની સ્થાપના, સમાજમાં છૂત-અછૂતની સમસ્યાને નાબૂદ કરવી, ભારતના બંધારણ માળખાની રચના વગેરે કાર્યોનું કવિએ સુંદર નિરૂપણ કર્યું છે.

ડૉ. આંબેડકરનું માનવું છે કે રાષ્ટ્ર એ એક જીવંત સંજ્ઞા છે અને સેંકડો વર્ષોની સતત મહેનત દ્વારા સ્વયં સાક્ષાત્કાર તરીકે પ્રગટ થાય છે. તેઓ કહે છે કે રાષ્ટ્રિયતા એ સામાજિક ચેતના છે. રાષ્ટ્રવાદ એ એકતાની સંયુક્ત લાગણીની અનુભૂતિ છે, જેના કારણે વ્યક્તિ એકબીજાને પોતાના સંબંધી માનવા લાગે છે.

ડૉ. આંબેડકરના મતે ભૂમિ, ત્યાંનો સમાજ અને સમાજની શ્રેષ્ઠ પરંપરા, આ ત્રણેય રાષ્ટ્રના નિર્માણ માટે આવશ્યક અંગો છે. રાષ્ટ્ર એ માત્ર ભૌતિક એકમ નથી. તેમણે કહ્યું કે રાષ્ટ્ર એક જીવંત આત્મા છે.

કુદરત અને સંસ્કૃતિએ ભારતને એક રાષ્ટ્ર બનાવ્યું છે. ડૉ. આંબેડકરે સમગ્ર ભારતને એક રાષ્ટ્ર તરીકે સ્વીકાર્યું હતું. તેમનું માનવું હતું કે આ રાષ્ટ્રનું સર્જન સો-બસો વર્ષમાં થયું નથી. તે કુદરત, સમાજ અને તેની સંસ્કૃતિ દ્વારા રાષ્ટ્રની એકવિધ પ્રકૃતિ સાથે બનાવવામાં આવી છે. દેશની એકતા અને અખંડિતતા આ રાષ્ટ્રનો સ્વાભાવિક સ્વભાવ છે.

રાષ્ટ્ર એ પક્ષકારોના ગર્ભિત કરારોથી ઉપરની સત્તા છે. આ સંદર્ભમાં ડૉ. આંબેડકર લખે છે કે સંધિ પક્ષોએ હકીકતમાં વ્યસ્ત છે કે અંતિમ લક્ષ્ય સુધી પહોંચવાના સંઘર્ષમાં પક્ષો વચ્ચે સત્તાનું સંતુલન ખોરવાય છે. તે રેનોનનું ઉદાહરણ આપીને કહે છે કે રુચિઓનું આકર્ષણ ચોક્કસપણે એક શક્તિશાળી બંધન છે જે પુરુષોને એકસાથે બાંધે છે. પરંતુ તેમ છતાં તે રાષ્ટ્ર નિર્માણ માટે પૂરતું નથી.

ડૉ. આંબેડકર એ પરિસ્થિતિનું વર્ણન કરે છે કે આ દેશ હજારો વર્ષોથી માત્ર તેની સાંસ્કૃતિક સંવાદિતા અને વિશિષ્ટતાને કારણે જ સંગઠિત છે. આ સંગ્રહ ખૂબ જ સાંસ્કૃતિક રીતે જોડાયેલો છે. આના આધારે, હું કહું છું કે આ દ્વીપકલ્પ સિવાય વિશ્વમાં બીજો કોઈ દેશ નથી, જ્યાં આટલી સાંસ્કૃતિક સમરસતા હોય. આપણે માત્ર ભૌગોલિક રીતે સુવ્યવસ્થિત નથી, પરંતુ આપણી ખાતરીપૂર્વકની સાંસ્કૃતિક એકતા પણ અખંડ અને અખંડ છે, જે સમગ્ર દેશમાં ચારેય દિશામાં ફેલાયેલી છે.

ડૉ. આંબેડકરે બોમ્બે લેજિસ્લેટિવ કાઉન્સિલ દ્વારા સાયમન કમિશનને સુપરત કરેલા રિપોર્ટ પર સહી કરી ન હતી. ૧૭ મે, ૧૯૨૯ના રોજ, તેમણે પોતાનો સ્વતંત્ર અહેવાલ આપ્યો. એ અહેવાલનો એક નાનકડો ભાગ તેમની અખંડ દેશભક્તિનો અહેસાસ કરાવે છે.

ડૉ. આંબેડકર કહે છે કે ભાષા એકબીજા સાથે જોડાવાનું આમંત્રણ આપે છે પરંતુ તેને બળજબરીથી ચલાવી શકાતી નથી. અમેરિકા, ઈંગ્લેન્ડ, સ્પેનિશ - અમેરિકા અને સ્પેન એક જ ભાષા બોલે છે, પરંતુ તે તેને એક રાષ્ટ્ર બનાવતું નથી. તેનાથી વિપરીત, સ્વિટ્ઝર્લેન્ડની અંદર ત્રણ કે ચાર ભાષાઓ બોલાય છે, તેમ છતાં તેઓ એક છે, એકીકૃત છે.

## ૩. રાષ્ટ્રનિર્માણ

ડૉ. આંબેડકર સમગ્ર દેશની હિંદુ જનતાની વિચારસરણીને વ્યક્ત કરતાં પોતાના વિચારો વ્યક્ત કરે છે. તે લખે છે કે મુસ્લિમ એક અલગ રાષ્ટ્ર છે. હિંદુઓએ આ વિચારધારાનો સખત વિરોધ કર્યો. એંગ્લો ઈન્ડિયન્સ અનુસાર ભારત એક રાષ્ટ્ર નથી. પરંતુ તેનાથી વિપરિત, હિંદુ દેશભક્તો અને રાજકારણીઓ સતત ભારપૂર્વક કહેતા આવ્યા છે કે ભારત એક રાષ્ટ્ર છે. રાષ્ટ્ર અને રાષ્ટ્રિયતાનું વિશ્લેષણ કરતા ડૉ. આંબેડકર કહે છે કે એક હિંદુ માટે એ સાંભળવું શરમજનક છે કે ભારત પ્રથમ સ્થાને રાષ્ટ્ર નથી કારણ કે વિશ્વમાં રાષ્ટ્ર અને રાષ્ટ્રિયતાને વિશેષ ગુણો ગણવામાં આવે છે .

રાષ્ટ્રિય વફાદારીના સર્વોચ્ચ સ્થાને ડૉ. આંબેડકરે કહ્યું હતું કે જો કોઈ વ્યક્તિ પોતાના સંપ્રદાય, ભાષા, પ્રદેશ કે જાતિને દેશથી ઉપર રાખે તો તે યોગ્ય નથી. તે અમારા માટે શરમની વાત છે. આ વિકૃત વિચારસરણીની નિશાની છે. આનાથી દેશની અંદર સાચા રાષ્ટ્રવાદનો વિકાસ થશે નહીં. બાબા સાહેબ માનતા હતા કે આપણી રાષ્ટ્રિયતા સ્પષ્ટ અને નિર્વિવાદ હોવી જોઈએ. કોઈપણ પ્રકારની શરત અથવા પસંદગીઓ દ્વારા બંધાયેલા નથી. બાબાસાહેબે આ સંદર્ભમાં સ્પષ્ટપણે કહ્યું કે હું જાણું છું કે એવી કેટલીક બાબતો છે જે આપણી ભારતીયતા પ્રત્યેની નિષ્ઠા પ્રાપ્ત કરવામાં અવરોધે છે. મને પણ સ્પર્ધાત્મક ભાવનામાં આપણા પોતાના સંપ્રદાય, ભાષા કે સંસ્કૃતિ પ્રત્યેની આપણી ભારતીય નિષ્ઠા વાંચવી ગમશે નહીં

अम्बेडकरदर्शनम् મહાકાવ્યના દરેક સર્ગને શીર્ષક આપવામાં આવ્યું છે. જેમકે પહેલા સર્ગનું નામ – शैशव सर्ग, બીજો સર્ગ – शिक्षा सर्ग, ત્રીજા સર્ગનું નામ – उच्चतम शिक्षा प्राप्ति: વગેરે. આ અત્યાધુનિક મહાકાવ્ય સંસ્કૃતની સાથે હિન્દી અનુવાદમાં પણ ઉપલબ્ધ છે. આ મહાકાવ્ય ઉપમા, રૂપક, યમક, ઉત્પ્રેક્ષા, અનુપ્રાસ, અર્થાન્તરન્યાસ વગેરે અલંકારોથી સુશોભિત છે. ઉપમા અલંકારનું ઉદાહરણ ..

हंसो यथा राजते मानसरस्थ :
सिंहों यथा मन्दरकंदरस्थ : ।
विरो यथा गर्वित कुज्जरस्थ :
भीमो तथा भारतरत्नस्थ : ॥ ( सर्ग – १५ . ८५ )

આ મહાકાવ્યમાં માલિની, વસંતતિલકા, આર્યા, ઉપજાતિ, શાલિની, વંશસ્થ, મંદાક્રાંતા, તોટક, દ્રુત વિલંબિત , વગેરે જેવા સુપ્રસિદ્ધ વિવિધ છંદનો સફળ રીતે પ્રયોગ કર્યો છે. આ મહાકાવ્યનો મુખ્ય રસ વીર છે. તેમજ કરૂણ, હાસ્, રૌદ્ર, ભયંકર વગેરે જેવા રસો ગૌણ રૂપે જોવા મળે છે. આ મહાકાવ્યની અનેક બોધપ્રદ સૂક્તિઓ રાષ્ટ્રિય ભાવનાથી યુક્ત અને સ્વાભિમાન જગાડવવા માટે સક્ષમ છે. જેમકે ..

(१) सर्वेषामेव वर्णानां विधेवोन्नतिकारणम् । ९.. ३४
(२) चलति नापि युथेषु कदापि मेषसन्निभ: । १०.. ३६
(३) क्षीयन्ते देह दौर्बल्यात प्राणिनामसवो यथा ।
शोषिताना तथा प्राणा क्षीयन्ते निधनात्कवे: ॥ १५.. ८६ વગેરે..

## ૪. ઉપસંહાર

અત્યાધુનિક સંસ્કૃત મહાકાવ્યોની એક વિશિષ્ટ પ્રણાલી જોવા મળે છે . આમાં મહાનાયકો અને નાયિકાઓના જીવનપરક સાહિત્યની રચના થાય છે . આ સાહિત્યમાં વિશેષરૂપમાં મહામાનવોના વ્યક્તિત્વનું અને ચરિત્રનું ઉદાત્ત ચિત્રણ થાય છે. अम्बेडकरदर्शनम् મહાકાવ્યોનો મુખ્ય હેતુ એ છે કે જે આ મહાકાવ્યોને વર્તમાન સમયમાં સાવધાની પૂર્વક અધ્યયન કરશે તે વ્યક્તિ જાતિ, વર્ણ, અને છૂઆ-છૂતના બંધનમાંથી મુક્ત રહશે. જે વિદ્યાર્થી આ મહાકાવ્યોનો અભ્યાસ કરશે તે દલિતવર્ગનો સુધારક બનશે. જો સૈનિક પણ આ મહાકાવ્યોનો સંપૂર્ણપણે અધ્યયન કરશે તો તે નિર્ભય બનીને દેશની રક્ષા કરશે . આમ આ પ્રકારનું સાહિત્ય અત્યંત ઉપયોગી છે અને વાચક વર્ગને આવી પ્રતિભાઓ પ્રત્યે વધારે સન્માન થશે તથા તેમના વિશાળ વ્યક્તિત્વના જ્ઞાનથી દરેક વ્યક્તિને સમાજ હિતમાં સારું કામ કરવા પ્રોત્સાહન અને પ્રેરણા મળશે .

## સંદર્ભ સૂચિ

१. अम्बेडकरदर्शनम्, बलदेवसिंह :, देवेश पब्लिकेशन्स, नई दिल्ली, प्रथम संस्करण – २००९
२. श्रीगुरुमहाराजचरितम्, हरिनारायण: दीक्षित:, ईस्टर्न बुक लिंकर्स, दिल्ली, प्रथमसंस्करण – २०१५
३. श्रीग्ववल्लदेवचरितम्, हरिनारायण: दीक्षित:, ईस्टर्न बुक लिंकर्स, दिल्ली, प्रथमसंस्करण – २००८
४. साकेत - सड्गरम्, श्रीराम दवे, राजस्थान संस्कृतसाहित्य केन्द्र, जयपुर, प्रथमसंस्करण –२००३